# વૈશ્વિક સમદર્શિતા

તત્કાળ જાહેર કરવા હેતુ

સંપર્ક: કાલેબ શ્રેવ
વૈશ્વિક સમદર્શિતા સાહસ
+1 202-898-9022

## ભારતમાં વિકસી રહેલા છૂટક વેચાણ ક્ષેત્રમાં કામ કરવા માટે 30,000 મહિલાઓને તાલીમ આપવા વોલમાર્ટ ફાઉન્ડેશન વૈશ્વિક સમદર્શિતા સાહસ (Global Fairness Initiative - GFI) અને સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (Self-Employed Women's Association - SEWA) ને ટેકો આપે છે.

GFI/SEWA તેમના કાર્યક્રમો દ્વારા હજારો મહિલાઓને છૂટક વેચાણ અને સંચાલન ક્ષેત્રે પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરાવવા માટે તૈયાર કરી ભારતમાં મહિલા રોજગારીમાં પ્રવર્તમાન અંતરને ઘટાડવાનું લક્ષ્ય રાખે છે.

વોશિંગ્ટન ડીસી અને અમદાવાદ, ભારત – વોલમાર્ટ ફાઉન્ડેશનના સહકારથી વૈશ્વિક સમદર્શિતા સાહસ (Global Fairness Initiative - GFI) અને સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (Self-Employed Women's Association - SEWA), ભારતમાં 30,000 મહિલાઓને છૂટક વેચાણ તેમજ સંચાલન ક્ષેત્રે બહુમૂલ્યવાન તેમજ તકોનું સર્જન કરતી તાલીમ આપવાના એક જબરદસ્ત કાર્યક્રમનો આરંભ કર્યો છે. છૂટક વેચાણ ક્ષેત્રે રોજગારીની તકોનું સર્જન કરવાના લક્ષ્ય-આધારિત તેમજ સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (SEWA)ની અત્યંત પ્રતિષ્ઠિત એવી જીવન કૌશલ્ય તાલીમની પદ્ધતિ ઉપર આધારિત 'છૂટક વેચાણ હેતુ પ્રશિક્ષણ પહેલ (Retail Opportunity Training Initiative – ROTI)' એ એક એવો પ્રમાણપત્ર અભ્યાસક્રમ છે જે ભારતમાં મહિલાઓને ઉપલબ્ધ અપૂરતી રોજગારી અને ઝડપથી વિકસી રહેલ આર્થિક ક્ષેત્ર વચ્ચેની તકોની ખાઇની પૂર્તિ અર્થે ઘડવામાં આવ્યો છે.

**"વોલમાર્ટ ફાઉન્ડેશનની સહાયથી આમૂલ પરિવર્તન લાવી શકે તેવા આ સાહસમાં જોડાઈને કાર્ય કરતા અમે રોમાંચ અનુભવીએ છીએ" તેમ જણાવતાં વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) ના પ્રમુખ કારેન એ. ટ્રેમોન્ટેનોએ કહ્યું હતું કે, "મહિલા ઉત્પાદકો અને કાર્યકરોને સક્ષમ બનાવતા**

**તેમજ તેઓ માટે વિશેષ ન્યાયપૂર્ણ અને વ્યાજબી તકોનું સર્જન કરતા આ કાર્યક્રમના મંડાણ કરવામાં વોલમાર્ટ ફાઉન્ડેશનની આગેવાનીને અમે વધાવી લઈએ છીએ."**

'છૂટક વેચાણ હેતુ પ્રશિક્ષણ પહેલ (Retail Opportunity Training Initiative – ROTI)' ના ઉદ્દેશો નીચે મુજબ છે:

- **સંપૂર્ણ અને સફળ રોજગારી માટે આવશ્યક એવી પ્રૌદ્યોગિક તેમજ જીવન કૌશલ્ય ઉપર ભાર મૂકતા છૂટક વેચાણ અને સંચાલનને લગતા એક એવા વિશ્વશ્રેષ્ઠ પ્રમાણપત્ર આધારિત અભ્યાસક્રમ વિકસાવવો અને તેનું પ્રશિક્ષણ આપવું.**

- **અત્યંત પ્રતિષ્ઠિત એવી સેવા મેનેજરની સ્કૂલમાં છૂટક વેચાણ ક્ષેત્રે આગેવાની અને રોજગારી અર્થે એક શ્રેષ્ઠતા કેન્દ્ર (Centre for Excellence) ઊભુ કરવું.**

- **છૂટક વેચાણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રશિક્ષિત અને સક્ષમ કરવામાં આવેલી 30,000 થી પણ વધુ મહિલાઓને મેટ્રિક તેમજ સ્નાતક કક્ષા સુધી પહોંચાડી તેઓને મજબૂત રોજગાર નિયુક્તિ મંચનો આધાર આપીને પ્રમાણપત્ર-ધારક મહિલાઓને ભારતના સંગઠિત વેચાણ ક્ષેત્રમાં નોકરી અપાવવી અને આ પ્રકારે મહિલાઓને પ્રોત્સાહિત કરવી.**

**વોલમાર્ટ ફાઉન્ડેશનના પ્રમુખ કેથલીન મેકલાઉઘ્લીને કહ્યું કે, "વૈશ્વિક સમદર્શિતા સાહસ (Global Fairness Initiative - GFI) અને સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (Self-Employed Women's Association - SEWA) વચ્ચેના આ જોડાણને ટેકો આપતા વોલમાર્ટ ફાઉન્ડેશન ગર્વ અનુભવે છે. એકબીજાના પૂરક એવા કૌશલ્ય તેમજ આવડતને આધારે એકબીજાની સાથે રહીને કાર્ય કરતી આ બંને સંસ્થાઓ હજારો મહિલાઓને તેમની સફળ કારકિર્દી ઘડવામાં સહાયરૂપ થશે જે તેઓને વધુ આર્થિક ગતિશીલતા તેમજ વધુ બળવાન સમાજરચના તરફ દોરી જશે."**

સેવા પ્રશિક્ષણ કેન્દ્રો (SEWA Training Centres) માં પ્રમાણપત્ર અભ્યાસક્રમોનું સંચાલન કરવામાં આવશે અને આ અભ્યાસક્રમમાં, સમગ્ર ભારતના સેવા (SEWA)ના પંદર લાખ સભ્યો સહિત કોઈ પણ અરજદાર, મહિલા કે પુરુષ, કે જે નિર્ધારિત યોગ્યતા ધરાવતો હશે, તેને પ્રવેશ આપવામાં આવશે. પ્રશિક્ષણ અભ્યાસક્રમોનું સંચાલન સેવા મેનેજમેન્ટ ની સ્કૂલમાં (SMS)માં કરવામાં આવશે જે નેતૃત્વશક્તિના વિકાસ બાબતે પોતાના કૌશલ્ય માટે અસાધારણ ખ્યાતિ ધરાવે છે અને તેના નિષ્ણાત અધ્યાપકોના અજોડ નેટવર્કનો ઉપયોગ કરી રહી છે.

**"વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) ખાતેના અમારા મિત્રો સાથે ભાગીદારીમાં રહીને, વોલમાર્ટ ફાઉન્ડેશનના ટેકાથી આ મહત્વના સાહસનો પ્રારંભ કરતા અમે આનંદ અનુભવીએ છીએ," તેમ સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (Self-Employed Women's Association - SEWA) ના મહા સચિવ રીમા નાણાવટીએ જણાવ્યું. "મહિલાઓને તેમના વ્યક્તિગત અને વેપારી સાહસને સંબંધિત ધ્યેયોને સાકાર કરવા માટે જરૂરી એવા સાધનો અને જ્ઞાન વડે મહિલાઓને સક્ષમ બનાવવાના સેવા (SEWA)ના ઉદ્દેશને વધુ આગળ ધપાવવાની દિશામાં આ એક અત્યંત આવકારદાયક તેમજ મૂલ્યવાન તક છે."**

## સેવા (SEWA) વિષે

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (Self-Employed Women's Association - SEWA) એ એક કામદાર સંઘ સંસ્થા છે કે જેના પંદર લાખથી પણ વધુ સ્વાશ્રયી મહિલા કામદારો પોતાની જાતમહેનત અથવા નાના વ્યવસાયના માધ્યમથી આવક મેળવે છે. પ્રત્યેક કુટુંબને સંપૂર્ણ રોજગારી મળે તે સુનિશ્ચિત કરવા માટે મહિલાઓને સંગઠિત કરવાનું સેવા (SEWA) નું પ્રાથમિક ધ્યેય છે. સેવા (SEWA) એવી માન્યતા ધરાવે છે કે બધી જ મહિલાઓ આર્થિક રીતે તેમજ નિર્ણય લેવાની શક્તિના સંદર્ભમાં સ્વાયત્ત હોવી જોઈએ. ગુજરાત, ભારતમાં આધારિત એવી આ સેવા (SEWA) સંસ્થાએ ભારતભરમાં, એશિયામાં તેમજ સમગ્ર પૃથ્વી ફરતે મહિલા ઉત્પાદકોને સંગઠિત કરેલ છે. મહિલાઓને સંગઠિત કરવાના સંદર્ભમાં સેવા (SEWA)નો અભિગમ પ્રદેશ-આધારિત અને માંગ-આધારિત હોય છે અને સ્થાનિક જરૂરિયાતો તેમજ પ્રાદેશિક ખાસિયતોને આધારે આજીવિકા રળવા માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. સેવા (SEWA) વિષે વધુ જાણવા માટે, તેની વેબસાઇટ www.sewa.org ની મુલાકાત લો.

## વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) વિષે

વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) નું ધ્યેય જેના વડે નાના ઉત્પાદકો અને કારીગરોને લાભ મળે તેવી બજાર-આધારિત પ્રવૃત્તિઓના માધ્યમથી વૈશ્વિક ગરીબીના ચક્રમાં બદલાવ લાવવાનું છે. એશિયા, આફ્રિકા તેમજ લેટિન અમેરિકામાં જનસમુદાય-આધારિત કાર્યક્રમો દ્વારા વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) ગરીબ કામદારોને સંપૂર્ણ રોજગારી તેમજ ન્યાયપૂર્ણ તકો મળી રહે તે માટે વ્યૂહાત્મક ભાગીદારી તેમજ દરમ્યાનગીરીનું આયોજન કરે છે. વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) ના વિશિષ્ટ કાર્યક્રમો સામાજીક સુરક્ષા તેમજ આર્થિક ઉપલબ્ધતા ઉપર ભાર મૂકે છે અને એમ સુનિશ્ચિત કરે છે કે જાહેર નીતિઓના ઘડતરમાં દરિદ્ર માનવીના અવાજનો પડઘો પડે તેમજ નાના અને સીમાંત ઉત્પાદકો માટે વધુ ન્યાયપૂર્ણ સામાજિક તેમજ આર્થિક સંયોગો ઊભા

થાય તે હેતુથી નીતિના ઘડવૈયાઓ તેઓના અવાજને સ્થાન આપે. એકંદરે વેતનવૃદ્ધિ, બજારની ઉપલબ્ધિ, સારું કામ તેમજ આજીવિકા જેવી પાયાની બાબતો ઉપર ધ્યાન આપતાં વૈશ્વિક સમદર્શિતા સાહસે (GFI) વૈશ્વિક સ્તરે હજારો કારીગરો અને સમુદાયોના જીવનમાં સુધારો લાવવામાં મદદ કરી છે. વૈશ્વિક સમદર્શિતા સાહસ (GFI) વિષે વધુ જાણવા માટે તેઓની વેબસાઇટ www.globalfairness.org ની મુલાકાત લો.

## વોલમાર્ટની માનવ કલ્યાણની પ્રવૃત્તિ વિષે

વોલમાર્ટ તેમજ વોલમાર્ટ ફાઉન્ડેશન જનહિતના પ્રયત્નોના માધ્યમથી લોકોના જીવનને વધુ બહેતર બનાવવા માટે કટિબદ્ધ છે કે જે પ્રયત્નો વોલમાર્ટની નિર્વહનક્ષમતા, આર્થિક સાનુકૂળતા તેમજ જનસમુદાયો જેવા ક્ષેત્રોમાં તેની ક્ષમતા ઉપર આધારિત છે. વૈશ્વિક સ્તરે વધુ સ્થિર અને ટકાઉ પોષણ વ્યવસ્થા ઊભી કરવા માટેની અમારી કટિબદ્ધતાના ભાગરૂપે, વોલમાર્ટ તેમજ વોલમાર્ટ ફાઉન્ડેશન યુનાઇટેડ સ્ટેટ્સમાં ભૂખમરા સામની લડતને દોરી રહ્યા છે. ભૂખમરા સામની લડતમાં તેઓ તાજેતરમાં તેમના બે બિલિયન ડોલરના લક્ષ્યાંકને સમયપત્રક કરતાં એક વર્ષ વહેલા વટાવી ચૂક્યા છે અને સમગ્ર દેશમાં જેઓને જરૂર છે તેવા લોકોને દોઢ બિલિયન કરતાં પણ વધુ પાઉન્ડના આહારનું દાન આપેલ છે. વોલમાર્ટની જનહિતની પ્રવૃત્તિ વિષે વધુ જાણવા માટે તેમની વેબસાઇટ www.foundation.walmart.com ની મુલાકાત લો.